ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન તરીકે શામળભાઈ પટેલ અને વાઇસ ચેરમેનપદે વલમજી હુંબલ પ્રથમ વખત રિપિટ કરાયાં

# GCMMFના ચેરમેન - વા. ચેરમેન સર્વાનુમત્તે રિપિટ

**ચેરમેન શામળભાઈ** પટેલને આણંદના રામસિંહ પરમાર દ્વારા ટેકો જાહેર કરાયો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.24

ગુજરાત કો - ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલ ફેડરેશન)ના ચેરમેન અને વાઈસ ચેરમેન સર્વાનુમત્તે રિપિટ કરવામાં આવ્યાં છે. જેના પગલે 46,481 કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી અમૂલ બ્રાન્ડમાં હાલ કોઈ ચણભણ ન હોવાનો સંકેત આપ્યો છે. આમ અઢી વર્ષની બીજી ટર્મ માટે આ બંન્ને પુનઃ સત્તારૂઢ થયા છે. આ ચૂંટણીમાં રાજ્યના 18 દૂધ સંઘો પૈકી 17ના ચેરમેનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત કો - ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલ ફેડરેશન)ના ચેરમેનપદે શામળભાઈ બી. પટેલની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી છે. તેમના નામો પ્રસ્તાવ મહેસાણા દૂધ સંઘના ચેરમેન અશોકભાઈ બી. ચૌધરી દ્વારા કરવામાં આવ્યો હતો. જ્યારે ખેડા દૂધ સંઘના ચેરમેન રામસિંહ પરમાર દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે વાઈસ ચેરમેનપદે વલમજીભાઈ હુંબલની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી છે. તેમના નામનો પ્રસ્તાવ સુરત દૂધ સંઘના માનસિંહ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો અને સુરેન્દ્રનગર દૂધ સંઘના વિહાભાઈ સભાડે ટેકો જાહેર કર્યો હતો.

આણંદ પ્રાંત અધિકારી વિમલ બરોટ ચૂંટણી અધિકારી તરીકે હાજર રહ્યાં હતાં અને તેમાં અમૂલ ફેડરેશનના 18માંથી 17 સભ્ય દૂધ સંઘોના ચેરમેન હાજર રહ્યાં હતાં. અમૂલ ફેડરેશનમાં વર્ષ 1973થી ચેરમેનપદની બિનહરીફ રીતે થતી આવી છે, તે પ્રણાલિકાને પુનઃ જાળવી રાખવામાં આવી છે. જોકે, આણંદ ખાતે અમૂલ ફેડરેશનના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી.



## દૂધ સંઘના ચેરમેનોનું લોબીંગ એળે ગયું

અમૂલ ફેડરેશનની બીજી ટર્મ માટે ચૂંટણીનું જાહેરનામું કલેક્ટર ડી.એસ. ગઢવીએ જાહેર કર્યું હતું. જેથી અંદાજીત 46,481 કરોડના ટર્ન ઓવર ધરાવતા ફેડરેશનમાં ચેરમેન અને વાઈસ ચેરમેન બનવા દોડ તેજ થઇ ગઈ હતી. જેની રેસમાં રાજ્યના 18 દૂધ સંઘો પૈકી કેટલાક ચેરમેનોએ ભાજપના ઉચ્ચ મોવડી મંડળ સુધી લોબીંગ શરૂ કર્યું હતું. જેમાં વર્તમાન હોદ્દેદારો સહિત ઉત્તર ગુજરાતમાંથી મહેસાણા દુધ સંઘના ચેરમેન અશોક ચૌધરી, મધ્ય ગુજરાતથી ખેડા દુધ સંઘના ચેરમેન રામસિંહ પરમાર તથા દક્ષિણ ગુજરાતના સુરત દુધ સંઘના ચેરમેન માનસિંહ પટેલ દાવેદારોની રેસમાં સૌથી આગળ હતા.

જેમાં રાજકોટની ગોપાલ ડેરીના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા ગેરહાજર રહ્યા હતા. જ્યારે અન્ય 17 દુધ સંઘના ચેરમેનો ઉપસ્થિત હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશની 46,481 કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી ખાદ્ય ઉત્પાદનોની માર્કેટીંગ વ્યવસ્થા સંભાળતી ટોચની સંસ્થા છે. જેના દ્વારા અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની વિવિધ બનાવટોની વિશાળ શ્રેણીનું માર્કેટીંગ તેમજ વિતરણ કરવામાં આવે છે. અમૂલ ફેડરેશન તેના સભ્ય સંઘ દ્વારા રાજ્યના 18,154થી વધુ ગામડાંમાંથી 36 લાખ દૂધ ઉત્પાદકો પાસેથી સરેરાશ 264 લાખ લિટર દૂધ પ્રતિદિન એકત્રિત કરવામાં આવે છે.

## શામળભાઈ પટેલ 33 વર્ષથી સહકારી માળખા સાથે જોડાયેલા છે




શામળભાઈ પટેલ સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન છે. ડેરી સહકારી માળખા સાથે 33 વર્ષથી કાર્યરત છે. સાબરકાંઠા દૂધ સહકારી સંઘ દ્વારા રૂ.6800 કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર તથા 3.85 લાખ દૂધ ઉત્પાદક સભ્યો સાથે રાજ્યના મોટા દૂધ ઉત્પાદક સંઘમાનો એક એકમ છે. શામળભાઈ પટેલે જણાવ્યું હતું કે, મારા માટે ઘણા ગૌરવની ક્ષણ છે કે તેમને ડો. કુરિયન દ્વારા જે સંસ્થાનું નેતૃત્વ કર્યું હતું, તે સ્થળે ચેરમેન બનવાનો મોકો મળ્યો છે. ગુજરાતમાં સહકારી ડેરી માળખું પાછલા 75થી વધુ વર્ષથી સફળ છે. કારણ કે, આ સંસ્થામાં સિધ્ધાંત અને નૈતિકતાના ગુણો ત્રિભુવનદાસ પટેલ અને ડો. કુરિયન દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યાં હતાં. સહકારી ખેડૂત આગેવાનો અને નિષ્ણાંત તજજ્ઞોની મદદથી અમૂલ ફેડરેશન ખૂબ ઉંચી સિદ્ધીઓ હાંસલ કરી છે.

| સંઘ | જીલ્લો | ચેરમેન |
| --- | --- | --- |
| સાબર | સાંબરકાંઠા | શામળભાઇ પટેલ |
| સરહદ | કચ્છ | વાલમજીભાઈ હુંબલ |
| અમૂલ | આણંદ | રામસિંહ પરમાર |
| બનાસ | પાલનપુર | શંકરભાઈ ચૌધરી |
| દૂધ સાગર | મહેસાણા | અશોકભાઈ ચૌધરી |
| સુમુલ | સુરત | માનસિંહ પટેલ |
| વસુંધરા | વલસાડ | ગમનભાઈ પટેલ |
| સુગમ | વડોદરા ઈ.ચા | ગણપતસિંહ સોલંકી |
| પંચામૃત | ગોધરા | જેઠાભાઈ આહીર |
| આબાદ | અમદાવાદ | મોહનભાઈ ભરવાડ |
| મધુર | ગાંધીનગર | શંકરસિંહ રાણા |
| દૂધ ધારા | ભરૂચ | ઘનશ્યામભાઈ પટેલ |
| સુરસાગર | સુરેન્દ્રનગર | વિહાભાઈ સભાડ |
| અમર | અમરેલી | અશ્વિનભાઈ સાવલીયા |
| સર્વોત્તમ | ભાવનગર | મહેન્દ્રભાઈ પનોત |
| સોરઠ | જૂનાગઢ | દિનેશભાઈ ખાતરીયા |
| સુદામા | પોરબંદર | ભરતભાઈ આડેદરા |
| સ્ટેટ રજીસ્ટ્રાર | | ધર્મેન્દ્રભાઈ શાહ |

## વલમજી હુંબલ 14 વર્ષથી સરહદ ડેરીના ચેરમેન છે

જીસીએમએમએફના વાઇસ ચેરમેન વલમજીભાઈ હુંબલ કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સરહદ ડેરીના ચેરમેન છે. તેઓ 14 વર્ષથી ચેરમેન તરીકે કાર્યરત છે. કચ્છ જિલ્લા દૂધ સહકારી સંઘ ગત વર્ષે રૂ.870 કરોડથી વધુ ટર્નઓવર કર્યું છે તથા લગભગ એક લાખ દૂધ ઉત્પાદક સભ્યો સંઘ સાથે જોડાયેલા છે. તેઓએ જણાવ્યું હતું કે, એનડીડીબી દ્વારા અમૂલ મોડલને સમગ્ર દેશમાં પ્રસરાવવાથી આજે વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતો દેશ બન્યો છે. અમૂલ ફેડરેશન દેશના અન્ય સ્ટેટ ફેડરેશનો સાથે ઘનિષ્ઠતાથી કામ કરતું રહેશે કે જેથી સહકારી ચળવળને મજબુત બનાવી શકાય અને જો જરૂરિયાત હશે તો અન્ય રાજ્યના દૂધ ઉત્પાદકોને પણ ટેકો પુરો પાડશે.

# સગીરા પર દુષ્કર્મ કરનાર અડાસના યુવકને આજીવન કેદની સજા ફટકારાઈ

**લગ્ન** કરવાની લાલચ આપી ભગાડી ગયા બાદ દુષ્કર્મ ગુજાર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદના અડાસ ગામમાં રહેતા શખસે એક સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયા બાદ તેના પર દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ કેસમાં કોર્ટે તેને કસુરવાર ઠેરવી આજીવન કેદની સજા અને રૂ.22 હજારનો દંડ ફટકાર્યો હતો. જ્યારે ભોગ બનનારી કિશોરીને પાંચ લાખ વળતર તરીકે ચુકવવાનો પણ આદેશ કર્યો હતો.

અડાસ ગામના ટેકરા ઘરોડિયા વિસ્તારમાં રહેતા સંજય રમણભાઈ ગોહેલ (ઉ.વ.24)એ 5મી એપ્રિલ,2021ના રોજ એક 14 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. બાદમાં તેને અલગ અલગ હોટલમાં લઈ જઈ તેના વર દુષ્કર્મ ગુજાર્યું હતું. બીજી બાજુ ઘરેથી કિશોરી ગુમ હોવાથી તેના વાલીઓ ચિંતિત બની ગયાં હતાં. સગા સંબંધી અને મિત્રોને ત્યાં તપાસ કરવા છતાં મળી આવી નહતી. દરમિયાનમાં અડાસનો સંજય ગોહેલ જ ભગાડી ગયો હોવાનું જાણવા મળતાં તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યાં હતાં. આ અંગે વિદ્યાનગર પોલીસે સંજય રમણ ગોહેલ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બાદમાં 20મી જુલાઈ,21ના રોજ સંજયને શોધી ધરપકડ કરી હતી. વધુ પુછપરછ કરી પુરાવા એકત્ર કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. જ્યારે સંજય ગોહેલને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

આ કેસમાં સરકારી વકિલ જે. એસ. ગઢવીએ ધારધાર રજુઆત કરી હતી. જ્યારે 13 સાક્ષી, 27 દસ્તાવેજી પુરાવા રજુ કર્યાં હતાં. જેના પગલે કોર્ટે સંજય રમણ ગોહેલને પોક્સો કલમ 6ના ગુનામાં કસુરવાર ઠેરવીને આજીવન કેદની સજા અને રૂ.10 હજારનો દંડ ફટકાર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ આઠ માસની સાદી કેદની સજા પણ ફરમાવી હતી. આ ઉપરાંત કલમ 363માં ત્રણ વર્ષની સખત કેદની સજા તથા રૂ.5 હજારનો દંડ. જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદ અને કલમ 366માં સાત વર્ષની સખત કેદની સજા અને રૂ.7 હજારનો દંડ. જો દંડ ન ભરે તો વધુ ચાર માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

## નડિયાદમાં માઘી પૂનમના મેળા પૂર્વે રાઈડ્સ અને સ્ટોલ બાંધવાનું શરૂ



નડિયાદમાં આગામી પૂનમના અવસરે ભવ્ય લોકમેળો યોજાનાર છે. પારસ સર્કલથી શરૂ થઈ છેક બસ સ્ટેન્ડ સુધી વિવિધ સ્ટોલ અને મોટા ગ્રાઉન્ડમાં રાઈડ્સનું આયોજન થવાનું છે. ત્યારે પારસ સર્કલ પાસે ઈપ્કોવાલા હોલના કમ્પાઉન્ડમાં હાલ રાઈડ્સ અને સ્ટોલ ઉભા કરવાની કામગીરી ચાલી રહી છે. કોરોનાકાળ બાદ હજુ સુધી એકપણ વર્ષે મેળાની પહેલા જેવી રંગત જામી નથી. ત્યારે આ વર્ષે કોરોનાનું જોર ઘટતા ભવ્ય લોકમેળો યોજાય, તેવી શક્યતાઓ છે. જેના પગલે નડિયાદ અને ખેડા જિલ્લા સહિત ચરોતરના પ્રજાજનો આ મેળાને મહ્લાવા માટે થનગની રહ્યા છે.

# આંકલાવમાં રસ્તા મુદ્દે વૃદ્ધ પર ત્રણ શખ્સનો હુમલો

**રસ્તામાં** આવવા જવા બાબતે માથાકૂટ ચાલતી હતી

(પ્રતિનિધિ) આંકલાવ તા.24

આંકલાવ તાલુકાના અંબાલી ચોકડી વિસ્તારમાં રસ્તામાં આવવા જવા બાબતની રીસ રાખી ત્રણ શખસે વૃદ્ધ પર હુમલો કર્યો હતો.

આંકલાવના અંબાલી ચોકડી વિસ્તારમાં રહેતા દેવાભાઈ બુધાભાઈ રાઠોડ ખેતી કરે છે. તેમના દિકરા ઘનશ્યામ સાથે રહે છે. તેમના પડોશમાં રમણ ભઈલાલ રાઠોડ પરિવાર સાથે રહે છે. દરમિયાનમાં 22મીના રોજ સાંજના ચારેક વાગ્યાના સુમારે દેવાભાઈ ઘરેથી ખેતરમાં જવા નિકળ્યાં હતાં અને રમણભાઈના ઘર પાસેથી પસાર થતાં હતાં. તે વખતે રમણભાઈએ તેમને ઉભા રાખી તમારે આ રસ્તેથી જવાનું નથી. તેમ કહી અપશબ્દ બોલી ઝઘડો કર્યો હતો. આ ઝઘડામાં તેમનું ઉપરાણું લઇ જયંતિ ભાઈલાલ રાઠોડ, અલ્પેશ રમણ રાઠોડ દંડો લઈ દોડી આવ્યાં હતાં અને હુમલો કર્યો હતો. જેમાં દેવાભાઈને માથામાં ઈજા પહોંચી હતી. જોકે, બુમાબુમ કરતાં તેમના પરિવારજનો દોડી આવ્યાં હતાં. આથી, રમણ ત્યાંથી જતો રહ્યો હતો. જોકે, તેઓએ જતા જતા ધમકી આપી હતી. આ અંગે આંકલાવ પોલીસે રમણ ભાઈલાલ રાઠોડ, જયંતિ ભઈલાલ રાઠોડ અને અલ્પેશ રમણ રાઠોડ (રહે.અંબાલ) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વ્યાજખોરે મહિલા પાસે ₹ 1.50 લાખની સામે 15.5 લાખ માંગ્યાં

**વ્યાજપેટે** રોકડા 1.85 લાખ તેમજ સોનાનું મંગળસુત્ર મળી કુલ 2.65 લાખ ચુકવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.24

નડિયાદના વ્યાજખોરે એક વિધવા મહિલાને માસિક 10 ટકાના વ્યાજે 1,50,000 રૂપિયા આપ્યાં બાદ મહિલા પાસેથી રોકડ તેમજ સોનાનું મંગળસુત્ર મળી કુલ રૂ.2,65,000 રૂપિયાની વસુલાત કરી હતી. જે બાદ મહિલાએ વ્યાજ ચુકવવાનું બંધ કરી દેતાં વ્યાજખોરે વ્યાજનું વ્યાજ ગણી કુલ રૂ.15,50,000 બાકી કાઢ્યાં હતાં.

નડિયાદમાં એસ.આર.પી કેમ્પની સામે આવેલ જલારામ પાર્ક સોસાયટીમાં રહેતાં નૈનાબેન સુરેશચંન્દ્ર પંડ્યાના પતિનું સન 2013 માં અવસાન થયું હતું. જે બાદ ઘરની તમામ જવાબદારી નૈનાબેનના માથે આવી ગઈ હતી. છએક વર્ષ અગાઉ પુત્રના લગ્ન માટે નૈનાબેનને બે ભાગમાં દોઢ લાખ રૂપિયા ઘર નજીક રહેતાં કેતન નારણ પંચાલ પાસેથી માસિક 10 ટકાના વ્યાજે લીધાં હતાં. નૈનાબેન એકાદ મહિનો વ્યાજ ચુકવી ન શકે તો કેતનભાઈ બીજા મહિને વ્યાજનું વ્યાજ પણ વસુલતાં હતાં. નૈનાબેને બે તબક્કામાં લીધેલાં કુલ રૂ.1,50,000 ની સામે રૂ.1,85,000 રૂપિયા કેતનભાઈને ચુકવ્યાં હતાં. જે બાદ આર્થિક સંકળામણને કારણે નૈનાબેન વ્યાજ ચુકવી શક્યાં ન હતાં. દરમિયાન કેતનભાઈએ વધુ 15,50,000 બાકી કાઢ્યાં હતાં અને આ રકમની વસુલાત માટે મારી નાંખવાની ધમકીઓ આપી હતી. કેતનભાઈના ત્રાસથી કંટાળેલા નૈનાબેને આખરે આ મામલે નડિયાદ રૂરલ પોલીસમથકમાં ફરીયાદ આપી હતી.

## ધમકીઓથી ડરી ગયેલી મહિલા પોતાનું ઘર લખી આપવા પણ તૈયાર થઈ ગઈ હતી

નૈનાબેને દોઢ લાખની સામે વ્યાજખોર કેતન પંચાલને રોકડા રૂ.1,85,000 તેમજ સોનાનું મંગળસુત્ર મળી કુલ રૂ.2,65,000 જેટલી રકમ ચુકવી હતી. તેમછતાં વ્યાજખોર કેતને 15,50,000 રૂપિયા બાકી કાઢ્યાં હતાં અને આ રકમની વસુલાત માટે નૈનાબેનને અવારનવાર ફોન કરી ધમકીઓ આપતાં હતાં. જેથી ડરી ગયેલાં નૈનાબેને પોતાનું મકાન વ્યાજખોર કેતનભાઈને લખી આપવાની તૈયારી પણ દર્શાવી હતી. પરંતુ, વ્યાજખોરે તારા મકાનની કિંમત મારા નાણાં જેટલી આવી શકે તેમ નથી. એટલે મારે મકાન જોઈતું નથી તેમ કહી રોકડા રૂપિયાની માંગણી કરી હતી.

# ઉમરેઠની દુકાન પાસેથી ગઠિયો મોબાઈલ લઈ ગયો

ભત્રીજાને મોબાઈલ રમવા આપ્યા તે દરમ્યાન ગુમ થયો

(પ્રતિનિધિ) આણંદ તા.24

ઉમરેઠના પાનેતર સાડીની દુકાન નીચેથી નડિયાદના વ્યક્તિનો મોબાઈલ ચોરાયો હતો. આ અંગે ઉમરેઠ પોલીસે ગુનો નોંધ્યો હતો.

નડિયાદના મધુપુરી એપાર્ટમેન્ટ પાસે રહેતા રીપલ પનુભાઈ કંસારા ટેક્સટેક ઈન્ડીયા પ્રા. લીમીટેડમાં ફરજ બજાવે છે. તેઓ 17મી ઓક્ટોબર,2020માં મોબાઈલ રૂ.16,500 ખરીદ્યો હતો. તેઓ 18મી જાન્યુઆરી,23ના રોજ તેમના નાના ભાઈ ધીરેનના પરિવાર સાથે ઉમરેઠના કંસારા બજાર ખાતે મામાના ઘરે સામાજીક પ્રસંગમાં આવ્યાં હતાં. તેઓ જમી પરવારીને ઉમરેઠ પંચવટી ખાતે પાન મસાલાના ગલ્લે ગયા હતા. જોકે, ગલ્લો બંધ હોવાથી તેઓ વેપારીની રાહ જોતા હતાં અને પાનેતર સાડીની દુકાનની નીચે આવેલી બંધ દુકાનના ઓટલા પર બેઠા હતા. આ સમયે ભત્રીજાને મોબાઈલ રમવા આપ્યો હતો. જોકે, થોડીવારમાં વેપારીએ ગલ્લો ખોલતા સૌ પાન ખાઈ ત્યાંથી નિકળ્યાં હતાં. જોકે, કંસારા બજાર તરફ જતા હતા તે વખતે રૂપ મંગલમ શો રૂમ આગળ જતાં રસ્તામાં ભત્રીજા પાસે મોબાઈલ ન હતો. આથી, ઓટલા પર ગયાં હતાં. પરંતુ ફોન ત્યાં જોવા મળ્યો નહતો. આ અંગે ઉમરેઠ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ડાકોર મંદિરમાં વિકલાંગો - વૃધ્ધો માટે લિફ્ટની સુવિધા શરૂ કરાઈ

**શ્રધ્ધાળુઓ** લિફ્ટમાં બેસી સરળતાથી મંદિરના ઘુમ્મટમાં પહોંચી, ભગવાનના દર્શન કરી શકશે

(પ્રતિનિધિ) ડાકોર, તા.22

ડાકોરમાં આવેલ શ્રી રણછોડરાયજી મંદિરમાં વિકલાંગ તેમજ વૃધ્ધ શ્રધ્ધાળુઓ સરળતાથી ઘુમ્મટમાં જઈ દર્શન કરી શકે તે હેતુસર લિફ્ટની સુવિધા શરૂ કરવામાં આવી છે.

ખેડા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરમાં આવેલ રાજાધિરાજ શ્રી રણછોડરાયજી મંદિરમાં દરરોજ હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતાં હોય છે. જેમાં વિકલાંગ તેમજ વૃધ્ધ શ્રધ્ધાળુઓનો પણ સમાવેશ થાય છે. આવા વિકલાંગ તેમજ વૃધ્ધ શ્રધ્ધાળુઓને મંદિરમાં પ્રવેશ કર્યાં બાદ ભગવાનના દર્શન કરવા માટે પગથિયા ચઢવામાં ભારે હાલાકી પડતી હતી. વૃધ્ધોને પગથિયા ચઢવા માટે અન્યના સહારાની જરૂર પડતી હતી. તો વળી વિકલાંગોને ઉંચકીને પગથિયા ચઢાવવાની નોબત આવતી હતી. ત્યારે, આવા વૃધ્ધ અને વિકલાંગ શ્રધ્ધાળુઓને દર્શન કરવામાં પડતી હાલાકી દૂર થાય તે હેતુસર મંદિરમાં કોટના દરવાજાની સામે લિફ્ટ બનાવવામાં આવી છે. રવિવારના રોજ મંદિરના ભંડારી મહારાજના હસ્તે આ લિફ્ટ વિકલાંગ અને વૃધ્ધ શ્રધ્ધાળુઓ માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આ લિફ્ટના માધ્યમથી હવે મંદિરમાં વિકલાંગ તેમજ વૃધ્ધ શ્રધ્ધાળુઓ પણ સરળતાથી ભગવાન સન્મુખ ઘુમ્મટમાં પહોંચીને દર્શન કરી શકશે.



# ખેડામાં અઢી હજાર ગ્રાહકો વીજ ચોરી કરતાં પકડાયાં

**વીજ ચોરી** કરનારા ઘર વપરાશના ગ્રાહકો પાસેથી 2.95 કરોડ વસૂલ કરાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 24

વીજ કંપની દ્વારા ગ્રામ્ય પરા વિસ્તારને જ્યોતિ ગ્રામ્ય યોજના હેઠળ આવરી લઈ 24 કલાક વીજ પ્રવાહ પૂરો પાડવામાં આવે છે. ત્યારે ઘણા સમયથી રોજિંદા વપરાશ માટે વીજ ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે. વીજ કંપનીની વીજીલન્સ ટીમ દ્વારા વર્ષ 2022માં ખેડા જિલ્લામાં ગેરકાયદે વીજ પ્રવાહ મેળવી વીજ ચોરી કરતાં ઘર વપરાશના 2727 જોડાણો ઝડપી પાડી 2.95 કરોડની માતબર રકમની વસુલાત કરવામાં આવી હતી.

વીજ કંપની દ્વારા ઘર વપરાશ, ઔદ્યોગિક, ખેતી વિષયક તેમજ કોમર્શિયલ હેતુ માટે વીજ જોડાણ આપવામાં આવે છે. જેમાં વીજ કંપની દ્વારા શહેરી વિસ્તારની જેમ ગામડા તેમજ પરા વિસ્તારમાં જ્યોતિ ગ્રામ્ય યોજના હેઠળ લાખોના ખર્ચે નવી વીજ લાઈનો નાખી 24 કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

આવી જ રીતે ખેડૂતોને સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજ પ્રવાહ આપવામાં આવી રહ્યો છે.આમ છતાં ઘણા લોકો વીજ લાઈન સાથે ચેડાં કરી ડાયરેક્ટ વીજળી મેળવી વીજ વપરાશ કરતા હોય છે, તો ઘણાં ગ્રાહકો વીજ મીટર સાથે છેડછાડ કરી વીજ વપરાશ બચાવવા નુસખા અપનાવતા હોય છે. તો અમુક સ્થળે વીજ ચોરી માટે કર્મીઓની કથિત સંડોવણી પણ જવાબદાર હોય છે. આમ વીજ લાઈનમાંથી ગેરકાયદેસર વીજ પ્રવાહ મેળવી વીજ ચોરી કરવાના બનાવો વધી રહ્યા છે. જેથી વીજ કંપનીના ભારે નુકસાન થઈ રહ્યું છે. વીજ કંપની દ્વારા વીજલન્સ વિભાગની ટીમ દ્વારા દરોડો પાડી વીજળીની ચોરી ઝડપી પાડવામાં આવે છે. આવી જ રીતે મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમ દ્વારા ખેડા જિલ્લામાં વર્ષ 2022માં જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન દરોડા પાડી વીજ ચોરી કરતા ઘર વપરાશના 2727 વીજ જોડાણ ઝડપી પાડ્વામાં આવ્યા હતા. વીજ ચોરી કરતા ઝડપાયેલા ગ્રાહકો પાસેથી 2.95 કરોડ વસૂલ કરવામાં આવ્યા છે.